

### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત સારંગપુર-૧૪ : 'પ્રમાદ અને મોહનું'નું નિરૂપણ**
**૨૫ જૂન ૨૦૨૪, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાનના ભક્ત હોય તે ભગવાનનાં ધામ જે વૈકુંઠાદિક તેને પામીને પાછા પડતા નથી, એમ ભગવાને ગીતામાં કહ્યું છે; અને જે પડતો હશે તે શે દોષે કરીને પાછો પડતો હશે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'કોણ ભગવાનના ધામને પામીને પાછો પડ્યો છે? એક તો બતાવો!' પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ કહ્યું જે, 'એક તો વૈકુંઠમાંથી જય-વિજય ભગવાનના પાર્ષદ પડ્યા અને ગોલોકમાંથી રાધિકાજી ને શ્રીદામા પડ્યાં.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જય-વિજય પડ્યા એ તો ભગવાને પોતાના સંતનો મહિમા દેખાડવા સારુ પાડ્યા જે, સનકાદિક જેવા સંતનો દ્રોહ કરે તો વૈકુંઠાદિક જેવા ધામને પામ્યો હોય તોય પણ પડી જાય છે.'**

શ્રીજી મહારાજ સૈદ્ધાંતિક વાત કરે છે. ગમે એવા મોટા હોય, સિદ્ધ પુરુષ કહેવાતા હોય, પણ ભગવાનને રાજી રાખવા માટે જાગ્રતતા તો રાખવી જ પડે. મંદિરમાં ભગવાનના ભક્ત ભગવાનના ધામમાંથી પાછા કેમ પડે છે તે પ્રશ્ન છે. મહારાજ કહે છે કે, જય-વિજય તો ભગવાનના દ્વારપાળ હતા, છતાં તેઓ વૈકુંઠમાંથી પડ્યા, એ તો ભગવાને પોતાના સંતનો મહિમા દેખાડવા સારુ પાડ્યા. પણ પાછા ત્રીજા જન્મે ભગવાનના વૈકુંઠના ધામમાં પહોંચ્યા.

ભગવાનની ભક્તિમાં, સેવામાં રહેલા આપણે બધા સંતોએ જાગ્રતતા રાખવા મહારાજે આ વાત કરી છે. જય-વિજય પડ્યા કે ના પડ્યા, કેમ પડ્યા ? એની આપણને કંઈ લેવા-દેવા નથી. પણ, આપણને આ દૃષ્ટાંત આપીને મહારાજ એ સમજાવવા માંગે છે કે, તમે અક્ષરધામમાં પ્રભુની સેવામાં હોવ કે કોઈ સંતની સેવામાં હોવ, પણ હે ભક્તો, હે સંતો ! તમે વિવેક નહીં ચૂકતા.

નવ યોગેશ્વરો જે કહેવાય છે, તે શુક-સનકાદિક યોગેશ્વરો હતા, બહુ મહાન ઋષિઓ હતા અને તપસ્વીઓ હતા, પણ નાની ઉંમરના હતા. એ નવ યોગેશ્વરો ભગવાનનાં દર્શન કરવા આવ્યા. ત્યારે દ્વારપાળ રહેલા જય-વિજયે તેઓને રોક્યા અને તેઓને છટકાર્યા, ધમકાવ્યા. શુક-સનકાદિક સંતો પણ સામે એવા જ હતા. એટલે એમણે શાપ આપ્યો, 'જાવ, તમે પૃથ્વી ઉપર જન્મ ધરો.' તો તેઓ આસુરીવૃત્તિને પામી ગયા. શાસ્ત્રોમાં એવું કહેવાય છે કે, જય-વિજય શ્રી રામના વખતમાં રાવણ અને કુંભકર્ણ બે ભાઈઓ તરીકે જન્મ્યા અને પ્રહ્લાદના વખતમાં તેઓ હિરણ્યકશ્યપ અને હિરણ્યકશ્યપુ બે ભાઈઓ હતા. ભગવાન એમનો ઉદ્ધાર કરીને પાછા વૈકુંઠમાં લઈ ગયા. જય-વિજય તો પાછા ત્રીજા જન્મે ભગવાનના ધામમાં પહોંચ્યા. માટે એ કાંઈ પડ્યા ના કહેવાય. એ તો ભગવાનની ઈચ્છાએ થયું. અને પડ્યા તો તે કહેવાય જે, જેને પાછો ભગવાનનો સંબંધ જ ના રહે. પણ ભગવાને આપણને બતાવ્યું કે, જય-વિજય જેવા ભગવાનની સેવામાં રહેનારાએ પણ જો ભગવાનના અતિપ્રિય સંતો શુક-સનકાદિકનું અપમાન કર્યું એટલે ભગવાને સહન ના કર્યું.

શ્રીદામા અને રાધિકાજી એ બેઉ વઢ્યાં અને ગોલોકથી બંને પડ્યાં ને પૃથ્વી પર આવ્યાં. તે પણ ભગવાનની ઈચ્છા હતી અને પોતાને પણ મનુષ્યદેહ ધારીને અનેક જીવોનો ઉદ્ધાર કરવો હતો, અને પોતાનાં કલ્યાણકારી જે ચરિત્રો-તેનો વિસ્તાર કરવો હતો, માટે રાધિકાજી

ભગવાનની ઈચ્છાએ કરીને જ ગોલોકમાંથી પૃથ્વી પર જન્મ ધર્યો. પણ મહારાજ કહે છે કે એ પડ્યાં ના કહેવાય. ભગવાનને પોતાને પૃથ્વીલોકને વિશે જન્મ ધારણ કરવો હતો એટલે રાધિકાજી ને શ્રીદામાની સાથે ભગવાન પણ શ્રીકૃષ્ણ રૂપે આવ્યા અને એમનાં લીલાચરિત્રોનું આપણને દર્શન કરાવ્યું ; એટલે એ ભગવાનની ઈચ્છાએ કરીને થયું.

પણ, મહારાજનો કહેવાનો મતલબ એ છે કે આધ્યાત્મિક માર્ગે ગતિ કરતા મુમુક્ષુઓ, સાધકોએ, સંતોએ જાગ્રતતા એ રાખવાની, વિવેક એ રાખવાનો કે, કોઈના અભાવ, અવગુણ, ખટપટ, નિંદા, માથાકૂટમાં પડવાનું તો નહીં જ, પણ કોઈ આપણને પાડવા માંગે તો એમાં ભળી નહીં જવાનું. ભગવાનના સંતો-ભક્તો સાથે વઢવેડ ના કરવી, બોલાચાલી ના કરવી, લમણાકૂટ પણ ના કરવી, નમી દેવું. શું સાચવવું ? મહારાજ એ કહે છે કે ભગવાનના ભક્તો આગળ નમશે, ખમશે એ અમારું પ્રિય પાત્ર બનીને રહેશે. બાપા કહે, 'નમો, ખમો તો પ્રભુને ગમો.'

**ભગવાનની જ ઈચ્છાએ જે ગોલોકથી પૃથ્વીને વિષે આવ્યાં એ તે કાંઈ પડ્યાં ન કહેવાય, એ ઠેકાણે તો ભગવાનની જ ઈચ્છા જાણવી. તે ભગવાનની ઈચ્છાએ તો અક્ષરધામમાંથી પણ દેહ ધરે, અને જડ હોય તે ચૈતન્ય થઈ જાય અને ચૈતન્ય હોય તે જડ થઈ જાય; કેમ જે, ભગવાન તો અતિ સમર્થ છે તે જેમ કરે તેમ થાય, પણ તે ભગવાનની ઈચ્છા વિના તો ભગવાનના ધામને પામીને કોઈ પડે જ નહીં.**

ભગવાનની ઈચ્છાથી પડ્યાં એ પડ્યાં ના કહેવાય, શાથી ? કે જ્યાં શ્રી કૃષ્ણ ભગવાન ત્યાં ગોલોક. આપણે ત્યાં એમ કહેવાય કે, 'જ્યાં બાદશાહ ત્યાં બજાર' જ્યાં બાદશાહ બેસે ત્યાં આજુબાજુ બધી જાહોજહાલી થઈ જાય. પહેલાંના વખતમાં અંગ્રેજો અહીં રાજ્ય કરતા ત્યારે મુખ્યમથક મુંબઈ કે દિલ્હી હોય. ઉનાળામાં બહુ તાપ લાગે એટલે ગવર્નર ને બધા પૂના કે સિમલા જતા રહે. તો તેમનો બધો સ્ટાફ શું કરે ? એટલે આખું સેક્રેટરિયેટ સિમલા જતું રહે. પછી જેમને એમનું કામ હોય એમને સિમલા જ જવું પડે. એટલે કહ્યું કે, 'જ્યાં બાદશાહ ત્યાં બજાર.' સત્તા જ્યાં છે ત્યાં જવું પડે. એમ, ભગવાન જ્યાં પ્રગટ હોય ત્યાં અક્ષરધામ. અક્ષરધામ કંઈ આકાશમાં નથી, પ્રભુ જ્યાં પ્રગટ હોય ત્યાં એમનું ધામ !

શ્રી કૃષ્ણ પરમાત્મા પૃથ્વી પર પ્રગટ થયા તો તેઓ જ્યાં હતા ત્યાં ગોલોક હોય, વૃંદાવન હોય. મથુરામાં હોય કે દ્વારકામાં હોય, રાધિકાજીને પણ શ્રી કૃષ્ણ પરમાત્મા જ્યાં પ્રગટ હોય એ ગોલોક ! એટલે તેઓ પડ્યાં ના કહેવાય. કારણ કે, જ્યાં હોય પ્રભુ હોય ત્યાં ધામ છે, પડવાપણું છે જ નહિ. પણ જેનો ભાવ બદલાઈ જાય, આસુરીભાવ થઈ જાય એને પડ્યા જાણવા. જેનો અભાવ આવે એનો તિરસ્કાર કરે તો પછી ભગવાનથી દૂર જતો રહે. દૂર જતો રહે એટલે કરંટ બંધ થઈ જાય, એટલે રાણું ઢબ થઈ જાય. જેમ કે આ પંખો કહે કે, મારે લીધે પવન છે, મારા લીધે તમને ઠંડક છે. પણ ઈલેક્ટ્રિસિટી બંધ થઈ જાય તો ? ઝીરો થઈ ગયું ને ! આ માઈક છે પણ ઈલેક્ટ્રિસિટી-કરંટ જતો રહે એટલે શું કહે ? ભૂંગળું આઘું ખસેડો. એની કિંમત જીવંતતામાં છે. એમ, કિંમત પ્રભુતામાં છે. જ્યાં પ્રભુ-ત્યાં પ્રભુનું ધામ. પ્રભુથી ખસ્યા એટલે પડ્યા કહેવાય. પડ્યા કહેવાય એટલે શું ? આપણે બધાય, બ્રહ્મજ્યોતિમાં રહેતા હોઈએ પણ પ્રભુથી ખસીએ તો પડ્યા જ કહેવાઈએ, લ્યો ! કોઈનો અભાવ આવે, કોઈનો ભાવફેર કરો તો તમે પડ્યા. પણ ગુણ જોયા કરો, સેવા કર્યા કરો, ધૂન-ભજન કર્યા કરો તો અક્ષરધામમાં છીએ. અક્ષરધામમાંથી પડ્યો તો કહેવાય, જો ભગવાન સાથેનો સંબંધ તૂટે તો. અને ભગવાનનો સંબંધ ત્યારે તૂટે છે જ્યારે તેમના ભક્તોને વિશે ભાવફેરમાં પડીએ કે નિયમ-ધર્મની મર્યાદા લોપીએ તો. માટે એ નહીં કરવાનું.

કોઈ પણ રીતે તમારું માન જળવાય-ના જળવાય, તમને બોલાવે-ના બોલાવે, ભગવાન તમારા દેહભાવની કસોટી કરે, તમારા માનની પરીક્ષા લે. તમારામાં માન, કામ, ક્રોધ, લોભ, મોહ છે એની પરીક્ષા ક્યારે થાય ? સ્વાદ છે તો જમવામાં જ તમને પડતા મૂકે, તમને જ ના બોલાવે, તમને જ બેસવાનું ના મળે. કાં તો બે આઈટમ તમને જ ના પીરસે. જમવામાં જે

> ભગવાન જ્યાં પ્રગટ હોય ત્યાં અક્ષરધામ.
> અક્ષરધામ કંઈ આકાશમાં નથી,
> પ્રભુ જ્યાં પ્રગટ હોય
> ત્યાં એમનું ધામ !





**કોઈનો અભાવ આવે,
કોઈનો ભાવફેર કરો તો તમે પડ્યા.
પણ ગુણ જોયા કરો, સેવા કર્યા કરો,
ધૂન-ભજન કર્યા કરો તો
અક્ષરધામમાં છીએ.**

ભાવફેર કરાવે તે સ્વાદ ! આગળ-પાછળ-ઉપર-નજીક-પાછળ બેસાડ્યા ને ભાવફેર થાય એ માન. બોલાવે-ના બોલાવે, નોંધ લીધી-ના લીધી એને લઈને ભાવફેર થાય એ માન ! આ બધા દોષ છે એ દેખાડવા મહારાજ ગતકડાં કરતા હોય. ત્યારે એટલું યાદ રાખવું કે, મને ભાવફેર થાય છે એ જ મારો દોષ છે-તો હે પ્રભુ ! એ ટાળી દો; એમ પ્રાર્થના કરીએ તો હઠ, માન, ઈર્ષ્યા ને કામ, ક્રોધાદિક દોષ રહિત થઈ જવાય.

શ્રી સ્વામિનારાયણ ભગવાન બધાં વચનામૃતોમાં એક જ સાર આપે છે કે, 'ભગવાનનો આશરો દૃઢ રાખવો.' સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ ને સંતનો મહિમા તેઓએ કેટલો બધો ગાયો છે ! 'વચનામૃત'માં પાને પાને સંતનો મહિમા છે. જય-વિજય શુક-સનકાદિકનો મહિમા ના સમજ્યા તો ભગવાનથી દૂર જવું પડ્યું. રાધિકાજી ને શ્રીદામા ભગવાનના સંબંધનો મહિમા ના સમજ્યા તો ભગવાનથી વિરહ પામ્યાં. એમ, આપણે પણ ભલે ભગવાનની સામે બેસીને ભજન કરતા હોઈએ, પણ અંદર જો ભાવફેર ને માથાકૂટ થતી હોય તો આપણે ભગવાનની પાસે નથી એ યાદ રાખજો. અને ગમે એટલા દૂર હોઈએ પણ ભગવાનનાં ગુણગાન ને મહિમાના વિચારોમાં હોઈએ તો ભગવાન કહે, 'એ ભક્ત મારી પાસે જ છે'; મહારાજને આ કહેવું છે.

**જે ગાફલાઈ રાખશે ને તે ભગવાનનો ભક્ત હશે તો તેને પ્રમાદ ને મોહ એ બે શત્રુ નડ્યા વિના નહીં રહે. જેમ મદિરા પીએ તથા ભાંગ્ય પીએ તો જેમ વિમુખને કેફ ચડે છે તેમ જ ભગવાનનો ભક્ત હોય તેને પણ કેફ ચડે ને ગાંડો થાય; તેમ મદિરા ને ભાંગ્યરૂપ જે પ્રમાદ ને મોહ તે તો જેમ વિમુખ જીવને નડે તેમ જ ભગવાનના ભક્તને પણ નડે.**

મહારાજ પ્રમાદ અને મોહની વાત કરે છે. સાધનામાં સાધકને આળસ ને પ્રમાદ બહુ નડે છે. આળસ એટલે કામ ઠેલ્યા કરે. 'આ કરવાનું છે' તેમ કહીએ, તો કહે, 'પછી કરીશું' એમ, આળસ કરી કામ કરવામાં તારીખ પાડ્યા કરે. તરત કરવાને બદલે કલાક પછી કરીશું-કાલે કરીશું-પરમ દિવસે કરીશું-એમ કહે એ આળસ કહેવાય. પ્રમાદમાં કામ કરે છે પણ જે વખતે જે કરવાનું હોય એ ના કરે. કોઈ છોકરો વિદ્યાભ્યાસ કરતો હોય-ભણતો હોય અને એને વાંચવાનું કહીએ કે, 'વાંચ' તો એ વાંચે તો ખરો આઠ-આઠ કલાક વાંચે, પણ જેની પરીક્ષા આપવાની છે એ પુસ્તકોને બદલે બીજાં પુસ્તકો-નૉવેલો વાંચે. આમ દેખાય કે, વાંચે છે, પણ એ બીજું જ વાંચતો હોય. એટલે કે જે કરવાનું હોય તે ના કરે એ પ્રમાદ ! સભા ના હોય ત્યારના સમયે ભજન કરે, પણ સભાના સમયે ભજન ના કરે એ પ્રમાદ કહેવાય. જે સમયે જે કરવું પડે એ કરીએ એ પ્રમાદ નથી પણ જે સમયે જે કરવું પડે એ ના કરીએ એ પ્રમાદ ! અને કામ કરીએ નહીં અને ઠેલ્યા કરીએ એ આળસ !

**તે પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જેને પ્રમાદ ને મોહરૂપ શત્રુ રહ્યા છે તોય પણ જે ગાફેલ રહે છે તેને તો તમે શ્રેષ્ઠ કહો છો. જેમ પતિવ્રતા સ્ત્રી હોય ને તે પોતાના પતિની બીકે ને પતિવ્રતાનો ધર્મ રાખ્યાની બીકે અતિશય મનમાં ખટકો રાખીને કોઈ પુરુષ સાથે હસીને તાળી લે નહીં.**

મોહ-ભગવાન સિવાય બીજાનો ભાર પડે એ મોહ કહેવાય. મહારાજે પતિવ્રતા સ્ત્રીનું દૃષ્ટાંત આપ્યું. આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને આપણા ગુરુ એ બેને મૂકીને કોઈ બીજાના પ્રભાવમાં ના આવીએ. તમે એ બેને મૂકીને બીજાના પ્રભાવમાં આવો એ મોહ છે. એવું ના થવું જોઈએ. ગુણગાન ને મહિમા બધાનાં ગાવ. પણ કોઈના પ્રભાવમાં ના આવવું.

અમે યોગીજી મહારાજ જોડે ફરતા હતા. બીજા રિદ્ધિ-સિદ્ધિવાળા સાધુ-સંતો ઘણાં બધાં ઐશ્વર્ય બતાવે, ચમત્કાર બતાવે. યોગીબાપા બોલે એમના કરતાં સારા ઑરેટરો હોય. એમ લાગે કે, આ બહુ સારા સાધુ છે, પણ એમનો અમને પ્રભાવ ના પડે. પ્રભાવ ના પડે એટલે

એમની વાત પ્રમાણે આપણને જીવવાનું મન ના થાય. આપણે એમને અનુસરીએ નહિ, એમની સાથે ઍટેચ ના થઈએ. 'બહુ સારા સાધુ છે', બસ એટલું જ થાય. સિદ્ધ પુરુષ, ઑલિયા સાધુ હોય પણ યોગીબાપાના જેવો કોઈનો પ્રભાવ અમારી પર ના પડે.

પોતાના ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન-એમનું આપણા હૃદયમાં સર્વોપરી સ્થાન હોય. બીજાના ભગવાન સર્વોપરી છે કે નથી – એ લમણાફૂટમાં આપણે ના પડવું, કે બીજા ભગવાન અમારા ભગવાનને માને છે એટલે અમારા ભગવાન મોટા છે એ રીતે આપણા શ્રી સ્વામિનારાયણ ભગવાનને આપણે મોટા પણ નથી ઠરાવવા. આપણને પ્રતીતિ છે માટે મારા ઇષ્ટદેવ મારા માટે સર્વોપરી છે. જેમ સ્ત્રીને એનો ધણી પરમેશ્વર, બીજી સ્ત્રીને એનો ધણી પરમેશ્વર. બીજી સ્ત્રી એના પતિને પરમેશ્વર માને તો ભલેને માને, એની પૂજા કરે. એમ, તમારા ઇષ્ટદેવ ને તમારા ગુરુ સિવાય બીજી કોઈ જગ્યાએ તમને આકર્ષણ ના થાય, પ્રભાવ ના પડે, એમની વાત ના મનાય. હા, ગુરુની આજ્ઞા પાળવામાં, ગુરુનો મહિમા વધારવામાં, પોતાના ઇષ્ટદેવમાં શ્રદ્ધા અને ભક્તિ વધારવામાં જે વાતો મદદરૂપ થાય એ વાતો લેવાની, બાકી છોડી દેવાની.

શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે, પ્રમાદ ને મોહ સામાન્ય માણસને નડે છે અને ભક્તને પણ નડે છે. પણ ભક્તને સાધુનો યોગ છે, સંતોનો સાથ છે, ભજન-પ્રાર્થનાનું બળ છે એટલે ભગવાન કહે, એનો પ્રમાદ અને મોહ ટળી જશે, રહેશે નહીં; એટલો ફાયદો છે. માટે એ આપણે ખાસ ધ્યાન રાખવું કે જે સમયે જે કરવાનું હોય તે કર્યા કરવું. ભણનારા વિદ્યાર્થીઓને બાપાએ આજ્ઞા કરી, 'વાંચો' એમાં તમને આળસ ચઢતી હોય, તો પાંચ મિનિટ ધૂન કરો, પણ બે-ચાર કલાક વાંચવાના બદલે બે-ચાર કલાક ધૂન કરો તો એ પ્રમાદ કહેવાય. એવું નહીં કરવાનું.

કોઈ વેપાર-ધંધો કરતો હોય અને તમારી પાસે માલ લેવા આવે ને તમે એને એમ કહો કે, 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરો.' પણ તમે માલ વેચવા બેઠા છો તો એ કરોને ! પછી કોઈ ઘરાક ના હોય, એકદમ ફ્રી હોવ ત્યારે ધૂન કરો. ફ્રી હોય ત્યારે ધૂન નહીં કરે, ત્યારે છાપાં વાંચશે કાં ગામ-ગપાટા મારશે; એ પ્રમાદ છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રમાદ ને મોહ માટે લાલબત્તી બતાવી છે, 'હે ભક્તો, હે સંતો ! જે વખતે જે કરવાનું હોય એ કરો, અને એવું ના થાય તો પ્રભુનું બળ લ્યો, ભજન-પ્રાર્થના કરો.' અને મોહ-પોતાના ઇષ્ટદેવ, પોતાના ગુરુ અને સંબંધવાળા ભક્તો નિર્દોષ ને દિવ્ય છે એ મુકામમાંથી કોઈ તમને ચલિત કરવા માંગે તો થાઓ નહીં એ મોહથી પર થઈ ગયા.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, સ્થૂળ દેહને વિષે એવી દૃઢ પોતાપણાની માનીનતા છે તેવી જ જો સૂક્ષ્મ દેહને વિષે માનીનતા હોય, તો જેવું સ્થૂળ દેહમાં કર્મ લાગે છે તેવું જ સૂક્ષ્મ દેહમાં પણ લાગે. અને જે સૂક્ષ્મ દેહનાં કર્મને અલ્પ કહ્યાં છે, તે તો જીવને હિંમત દેવા સારુ છે. અને જેને સ્થૂળ દેહને વિષે તથા સૂક્ષ્મ દેહને વિષે અભિમાન નથી, તેને તો સ્થૂળ દેહનું કર્મ પણ લાગતું નથી ને સૂક્ષ્મ દેહનું પણ લાગતું નથી; કેમ જે, એ તો કેવળ આત્મસત્તારૂપે જ વર્તે છે.**

મહારાજે સ્થૂળ દેહ અને સૂક્ષ્મ દેહની વાતો કરી. ત્રણ શરીર છે – સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. આપણે શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતો અને ભગવાનને ધારક એવા સંતો મહંત સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ ને આ સંતોને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ એટલે એક શરીર તો આપણું ખલાસ થઈ ગયું-કારણદેહ બળીને ખાખ થઈ ગયું. તો હવે સ્થૂળ ને સૂક્ષ્મ દેહનો કજિયો રહ્યો. બહાર ફિઝિકલ બૉડીમાં દેખાય છે એ સ્થૂળ દેહ શ્રી સ્વામિનારાયણ ભગવાને આપેલા 'શિક્ષાપત્રી'ના નિયમોમાં રાખીને વર્તીએ તો સ્થૂળ દેહ ઉપર પણ કન્ટ્રોલ આવી જાય. પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને અગિયારમું મન તથા ચાર અંતઃકરણ કે જેમાંથી

ગુરુની આજ્ઞા પાળવામાં,
ગુરુનો મહિમા વધારવામાં,
પોતાના ઇષ્ટદેવમાં શ્રદ્ધા અને
ભક્તિ વધારવામાં જે વાતો મદદરૂપ થાય
એ વાતો લેવાની, બાકી છોડી દેવાની.





**પોતાના ગુરુ અને સંબંધવાળા ભક્તો નિર્દોષ ને દિવ્ય છે એ મુકામમાંથી કોઈ તમને ચલિત કરવા માંગે તો થાઓ નહીં એ મોહથી પર થઈ ગયા.**

હઠ, માન, ઈર્ષ્યા ને કામ, ક્રોધાદિક દોષ ઊભા થાય છે-એ સૂક્ષ્મદેહના ભાવો પર કથાવાર્તા, ભજન-પ્રાર્થના ને મહિમાની ગોષ્ઠિથી કન્ટ્રોલ આવે છે. ભગવાનની કૃપા પ્રાપ્ત કરવા માટે સ્થૂળ દેહને કન્ટ્રોલ કરીએ એટલે સૂક્ષ્મ દેહના ભાવો કન્ટ્રોલ કરવા સહેલા પડે. માટે મહારાજ કહે, ભગવાનનાં લીલાં ચરિત્રો ગાવામાં, ભગવાનનાં ગુણગાન ને મહિમા ગાવામાં, સેવામાં, જો દેહને ઘોંચી ઘાલીએ તો સૂક્ષ્મ દેહ ને સ્થૂળ દેહ બંને કન્ટ્રોલમાં આવી જાય.

સત્પુરુષ કે મોટા પુરુષની ક્રિયા સમજાવવા માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને એક દૃષ્ટાંત આપ્યું. દુર્વાસા ઋષિ જમવા આવ્યા ને ૧૨ ટોપલા જમી ગયા તોય ઉપવાસી કહેવાયા. આપણે વિચારીએ કે, ૧૨ ટોપલા જમી ગયા તો ઉપવાસી શેના ? પણ સૂક્ષ્મ દેહે પ્રભુની સ્મૃતિ કરતાં કરતાં -'મહારાજ તમે જમો !' એમ, સ્થૂળ દેહની તે ક્રિયા સૂક્ષ્મ દેહમાં પ્રભુને રાજી કરવા માટે કરી તો એમણે શું ખાધું એ ખબર રહી નહીં, એ ક્રિયાનો કોઈ ભાવ એમને હતો નહીં; એટલે ઉપવાસી કહેવાયા. જ્યારે ઘણા ઉપવાસ કરે, કશું ખાય નહીં, પણ સવારના પહોરમાં ઊઠીને આ નાસ્તો કરીશું, લીંબુનું પાણી પીશું-એવા વિચારો મનમાં થયા કરે તો મહારાજ કહે, એ સ્થૂળ દેહના ઉપવાસી છે, સૂક્ષ્મ દેહના ઉપવાસી નથી.

તો સ્થૂળદેહનો ઉપવાસ કરો તો સાથે સાથે સૂક્ષ્મદેહનો પણ ઉપવાસ કરવાનો. આવો ઉપવાસ કરીએ તે આપણા ગુરુદેવ યોગીબાપાને બહુ ગમે. બાપાની સ્મૃતિ સાથે ઉપવાસ થયો તો એ સૂક્ષ્મ દેહથી પણ ઉપવાસ થયો-તો સ્થૂળ ને સૂક્ષ્મ પ્યૉર થઈ જાય; મહારાજ એ કહે છે. સ્થૂળ ને સૂક્ષ્મ બે઼ઉ પ્યૉર થશે તો તમે કંઈ પણ ક્રિયા કરશો તો એનો ભાવ, એનો પાસ તમને નહીં લાગે. આપણે એની પ્રૅક્ટિસ કરવાની.

અમે યોગીબાપા સાથે ફરતા ત્યારે જોયેલું કે, બાપા સ્નાન કરે ત્યારે બોલે, 'મહારાજ તમે ન્હાવ !' જમે ત્યારે કહે, 'મહારાજ તમે જમો !' આરામ કરે ત્યારે કહે, 'મહારાજ તમે સૂઈ જાવ !' સૂક્ષ્મ દેહમાં ભગવાનની અખંડ સ્મૃતિ સાથે તેઓ બધી ક્રિયાઓ કરતા. દેહાતીત અવસ્થામાં હતા બાપા ! માનવદેહના સ્થૂળ અને સૂક્ષ્મના ભાવો ગુણાતીતભાવમાં પરિવર્તિત થઈ જાય તો એનો કોઈ પાસ નહીં લાગે. એટલે મોટા પુરુષની ક્રિયા, મારા-તમારા જેવી હોય પણ તેઓ એને ભગવાનને સમર્પિત થઈને કરતા હોય એટલે એમને એની કશી લેવાદેવા ના હોય. જ્યારે આપણે ખાલી આપણી જાતને રાજી કરવા, આપણે સ્વાદ લેવા, આપણને ગમે છે એટલા માટે કરીએ છીએ એટલા માટે આપણે બંધાઈએ છીએ. જ્યારે મોટા પુરુષ બંધાતા નથી એટલો ફરક છે. એટલે કહ્યું, કોઈ સંતોની, મોટા પુરુષોની ક્રિયામાં પડવું નહિ. બાપા જમતા હોય તો આપણને થાય કે, કેટલા સ્વાદથી જમતા હશે ! પણ તેઓ મહારાજને જમાડતા હોય. જમવા સાથે એમને કોઈ લેવાદેવા હોય નહીં.

સ્પિરિચ્યુઅલ સાયન્સ ના સમજ્યા હોય એ બહારની ક્રિયા સમજીને વિશ્લેષણ કરે તો ખોટો પડે. કારણ કે, આપણે જે જોઈએ છીએ એમ આપણી બુદ્ધિનાં મૂલ્યાંકન કરીએ છીએ, જ્યારે આધ્યાત્મિકતામાં એનાં મૂલ્યાંકન જુદાં હોય.

પ્રભુધારક સાધુ છે, એમને બીજો કોઈ રસ નથી, કેવળ ભક્તોના ભાવના સ્વીકાર કરીને, એ ભક્તોને સુખિયા કરવા સિવાય એમના જીવનમાં કાંઈ બીજી પ્રવૃત્તિ જ નથી. પોતાના ઈષ્ટદેવને રાજી કરવા એટલે કે ઈષ્ટદેવને સમર્પિત ભક્તો કેમ કરીને સુખિયા થાય એનું જ અનુસંધાન રાખીને તેઓ બધી પ્રવૃત્તિ કરતા હોય. એ દેખાય મારા-તમારા જેવી જ પ્રવૃત્તિ, પણ તેઓ એ પ્રવૃત્તિ સાથે બંધાતા ન હોય, તેઓ એ પ્રવૃત્તિથી નિર્લેપ હોય છે.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆